साहित्य मंथन
भारते मातु भारती
# Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-3, Issue-3, Continuous Issue-19, May - June 2023

# અકૂપાર નવલકથાનું સ્વરૂપગત મૂલ્યાંકન

અકૂપાર... મોટાભાગની નોવેલોમાં મુખ્ય પાત્ર તરીકે માણસો હોય છે પરંતુ આ નોવેલમાં મુખ્ય પાત્ર "ગીર" છે. એવી જગ્યા કે જ્યાં જંગલનાં રાજાના ડેરાઓ અને ગર્જનાઓ સિવાય બીજું ઘણું બધું છે. પ્રકૃતિનું દરેક તત્વ, દરેક ભાગ અહીં ધબકે છે, જીવે છે. "ઈના ડુંગરા રૂપાળા અને સ્હિંણ તે સખી જણી.." – આ છે ગીર !! આ સફર છે એક અનામ ચિત્રકારની ! જે "પૃથ્વી" તત્વનાં ચિત્રો બનાવા ગીર પહોંચે છે. શરૂઆતમાં તે અસમંજસમાં હોય છે કે તે ગીર શું કામ આવ્યો છે પરંતુ ધીરે ધીરે ગીરમાં ઘૂમતાં, તેની વનરાજીઓ, કંદરાઓ ખૂંદતા તે પોતાની જાતને ખૂંદી વળે છે. ગીરનાં સાવજો, ડુંગરાં, માલધારીઓ, નેસ, સિંહ પર રીસર્ચ કરતી આફ્રિકન ડોરોથી, માછીઓ, કેમ્પમાં આવતાં બાળકો, સિંહણો સાથે ઉછરેલી, રમતી અને સિંહણોને સખી ગણી હક કરતી સાંસાઈ અને આ સૌની સાથે સોરઠી ભાષાઓની મીઠાસ..! એક એવો અનુભવ કે જે વાંચતાં જ એ અજાણી ભોમકા માટે લાગણી થઈ જાય. "ગીર એ ગીર છે, જાગીર નથી"- વાંચી મેઘાણીની ચારણકન્યા દેકારો દેતી સંભળાય! અને આ દેકારાનાં પ્રતિભાવ આપવા આ નવલકથા વાંચવી પડે. ખમ્માં ગ્યર ને !!

ગીર ની સંસ્કૃતિ વિશે જાણો છો? શું છે ગીર? ગીર નું નામ પડે એટલે આપણા માટે જંગલમાં છુટ્ટા ફરતા સિંહને જોવા અને ફોટા પાડીને સ્ટેટસ માં મૂકી ને પોતાનું અહોભાગ્ય સમજવું એ .

પરંતુ શું ગીર એટલા પૂરતું જ સીમિત છે?

બે દિવસ ગીરના સિંહ સદનમાં રાત્રી રોકાણ કરવાથી ગીર ને જાણી ન શકાય.

ગીર ને જાણવા અને માણવા માટે તો આમ તો આખું આયખું ઓછું પડે પરંતુ ગીર ની સંસ્કૃતિ દર્શન કરવા માટે તમારે ગીરમાં રખડવું પડે, ગીરના નેસડામાં રાત્યું રહેવી પડે. ગીર ના માલધારી જોડે ભટકવું પડે, હિરણ ને કાંઠે અને સાવજ ની સાથે બાથ્યું ભીડવી પડે ત્યારે ગીર ને જાણી શકો.

હમણાં ફરી એકવાર ધ્રુવ ભટ્ટ દ્વારા લખાયેલી બીજી એક અદભુત કૃતિને મે વાંચી અને મનથી માણી. એ નવલકથાનું નામ છે "અકૂપાર."

"અકૂપાર" એટલે ગીરની સંસ્કૃતિનું નજીકથી દર્શન
આપણે સૌ કોઈ જાણીએ છીએ કે ધ્રુવ ભટ્ટની નવલકથા હોય એટલે કેન્દ્રમાં એક સ્ત્રી પાત્ર અને કુદરતનો ખોળો હોય જ.

આ નવલકથા પરથી જશવંત ઠાકોર મેમોરિયલ ફાઉન્ડેશન અને ગુજરાત વિદ્યાપીઠ ગાંધી થિયેટર દ્વારા સર્જાયેલ પ્રકૃતિ અને માનવ ના અનોખા સંબંધ ની કથા કહેતું નાટક એટલે "અકૂપાર"

સૌપ્રથમ તો જ્યારે તમે તેમનું મુખપૃષ્ઠ જશો એટલે તેના પર જ રહેલો ફોટો જ તમને ગીરના નેસડા સુધી મૂકી આવશે. નેસ ના નળિયા સાથે લોખંડ ના તાર પર લટકતો દવાની શીશી માંથી બનાવેલો કેરોસીનથી ચાલતો દીવો અને બારીકાઈથી જોશો તો તાર પર માખી પણ બેસેલી છે. અકૂપાર ની કહાની ગીરના જંગલ અને ત્યાંનાં આજુબાજુ ના ગામો અને ત્યાં વસતા લોકોની વાત કરે છે. આ પુસ્તકનું નામ કેવી રીતે પડ્યું તેની પણ વાત પુસ્તકના અંતે લેખક કરી છે. મહાભારત ના અઢાર પર્વ માનું એક પર્વ એટલે વનપર્વ સાથે અકૂપારનું નામ અને રહસ્ય જોડાયેલું છે.

એક ચિત્રકાર પોતાના પ્રોજેક્ટ અર્થે ગીરના ચિત્ર દોરવા માટે આવે છે અને ત્યાંથી શરૂઆત થાય છે અકૂપાર ની.

અકૂપાર નું મુખ્ય સ્ત્રી પાત્ર એટલે સાંસાઈ. જે ગીર ની દીકરી તરીકે ઓળખાય છે અને ગીરની જોડે અન્યય નાતો હોય છે. તેને ગીરની ખૂબ પરવા હોય છે. ત્યાર બાદ અન્ય પાત્રો માં આઈ માનું પાત્ર, મુસ્તફા રવિ ભા, રવા આતા, અબ્દુલ, રતન મા, ઘેડનાં સરપંચ રાણી, દિવાકરન, વીરેન, ધાનુ અને અન્ય કેટલાક પાત્રો આવે છે અને વાર્તામાં સમાઈ જાય છે.

પુસ્તકમાં ક્યાંક ક્યાંક ચિત્રકારે દોરેલા ચિત્રો પણ મુકેલા છે.

ચિત્રકાર અલગ અલગ જગ્યાએ ગીરના જંગલમાં ફરે છે અને અલગ-અલગ લોકોને મળે છે અને તેમાંથી વિકસે છે અકૂપાર.

ગીરના લોકો જંગલમાં રહેતા વન્યજીવો થી અતુટ તાંતણે બંધાયેલા હોય છે.

ગીર એટલે આપણા માટે માત્ર સાવજ એટલે કે સિંહનું અભયારણ્ય. પરંતુ ગીરના લોકો માટે તો ગીર એ ધબકતું જીવન છે.

હિરણ નદી ગીરની જીવાદોરી છે. કાળમીંઢ પથ્થરો ને ફાડીને એક નીડર ચારણ કન્યા ની જેમ તે ગીર ના અરણ્ય માંથી વહે છે. ગીર ના લોકો સિંહને પણ નામ આપે છે એવું જ એક નામ એટલે કે રમજાના. ગીરના લોકો સિંહ ની સાથે વાતો કરે છે અને એમને સમજે છે અને સાવજો પણ ગીરના લોકો ને સમજે છે. બેઉ જણા પોતાની મર્યાદામાં રહીને જીવન જીવે છે.

ગીર ના માલધારી, આયર, ચારણ અને કાઠી લોકોના જીવનની વાત તમને અહીં જાણવા મળશે.

પોતાની ભેંસો ને ઉઠાવી જતા સાવજ જોડે ક્યારેય દુશ્મન ની નજરે જોતા નથી.

એ તો એમ કહે છે કે સૌ-સૌ નો ખોરાક કરે. એનેય પેટ પરજા છે ને !!! પેટ તો તેનેય ભરવું જ હોય ને.

ગીરના ઉનાળા અને ચોમાસા ની વાત કરી છે લેખક એ.

અલગ અલગ નેસ જેવા કે કાસિયા નેસ, લીલા પાણી નેસ, બર્થેશ્વર, અઘોડીયા, સાસણ અને ગીર ની આજુબાજુ ના ગામ જેવા કે તાલાળા, સતાધાર, વિસાવદર, મેંદરડા વગેરેની વાત કરી છે.

લેખક વાત કરતાં કહે છે કે “ગીર એટલે માત્ર ગીર નહીં.....

“રેવતા ચલ ની પરમ મનોહર પુત્રી. જગતના તમામ ભૂ-ભાગો થી અલગ. આગવું અને પોતીકું વાતાવરણ ધરાવતી હંમેશા જીવતી, સદા સોહાગણ, સદા મોહક ગીર.”

સાંસાઈ ની ગાંડી ગીર…

ધ્રુવ ભટ્ટ
ગીરમાં થતા ઝાડ જેવા કે સાગ, સાદડ ને લીમડો. જાંબુ અને કરમદા. ઘાસ માં શણિયાર, ઝિંઝવો ને ધ્રપ. લાપડું અને રાતડું, ભાતડું, કોફલું અને કુંવાડીયો.

અહીં કુંવાડીયો નામની ઘાસની જાત પર વાત કરવામાં આવી છે. કુંવાડીયો ઘાસ કોઈ પશું ખાતા નથી પરંતુ જ્યારે પશુઓ બીજું બધું જ ચરી જાય છે એટલે પૃથ્વી મા ખુલ્લી થઈ જાય એટલે તે પોતાની જાતને ઢાંકવા તો કંઈ કરે ને એટલે આ કુંવાડીયો થયો છે ગીરમાં. પહેલા ગીરમાં ક્યાંય કુંવાડીયો થતો નહીં પરંતુ હવે ઠેર ઠેર જોવા મળે છે જેનો સીધો સંકેત છે બેફામ રીતે થતું ચરાણ.

ઘેડ જાફરાબાદ દરિયા કિનારે વ્હેલ માછલી પોતાના બચ્ચા નો ઉછેર કરવા માટે આવે છે. પરંતુ ત્યાંના માછીમાર માછલી પકડવાની જાળ સાથે આ વ્હેલ માછલીનો પણ શિકાર કરી લે છે. ત્યારે ઘેડનાં સ્ત્રી સરપંચ જે ઘેડનાં રાણી તરીકે ઓળખાય છે. તે ત્યાં લોકોને પોતાની લાગણી સભર વાતો થી વૈજ્ઞાનિક તર્ક સમજાવી ને ચિત્રકારને અચંબિત કરી દે છે.

રવા આતા ની જુનાગઢ જઈને લાટ સાહેબને સાવજનો શિકાર નહિ કરવાની વાત કરે છે અને ટેકરી પર ચરાણ નહીં કરવાની વાત પણ અહીં આવે છે.

દિવાકરન અને વિરેન ની મિત્રતા અને કાબા નામ દીપડાને દરરોજ પાણી પીવડાવવાની વાત પણ આ વાર્તામાં છે.સાંસાઈ ની બહેનપણી લાજો ની આણા માં આવેલી ગિરવાણ્ય ગાય અને સિંહ ના ટોળા દ્વારા થતો તેનો શિકાર અને લાજો નું રુદન તમને વાર્તા વાંચતી વખતે ગમગીન કરી દેશે.

ગીર સાથે જોડાયેલા ગીત અને દુહા ની વાતો પણ લેખકે નવલકથામાં કરી છે. રેલવેના એન્જિન ની માનતા કોઈ પોતાનો છોકરો દોડતો થઈ જાય એ માટે કરે એ નવાઈની વાત છે.

સાંસાઈ નામ અને ખોડીયાર માતાજી નો ઈતિહાસ પણ આ નવલકથામાં સમાવવામાં આવ્યો છે.

આમ હર પળ જીવન ને જાણવાની, માણવાની, કુદરત સાથે ભેળવવાની અને ભળવાની વાત એટલે અકૂપાર.

સૌથી અલગ અને મજેદાર વાત એટલે ગીરની બોલી – સાવ તળપદી ભાષા કેવી હોય તે જાણવા અકુપાર વાંચવું જ રહ્યું. ગર્ય માં આવવું જ રહ્યું.

ખમ્મા ગીર ને…

ગીરની રાત્યું અને ગીરની વાત્યું એટલે અકૂપાર.

---

Nayan Rajubhai Damor